# ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલતી ક્રાઇમ બ્રાંચ

સુરત શહેર વિસ્તારમાં ક્રાઈમ બ્રાન્ચના અધિકારી/પોલીસ માણસો હે.કો. પ્રભાતસિંહ જશુભા તથા પો.કો. ચીરાગભાઇ દામજીભાઇનાઓ પેટ્રોલીગમાં હતા દરમ્યાન મળેલ બાતમી આધારે લલીતા ચોકડી શૌચાલય પાસેથી રાહુલ ઉર્ફે મુના S/O રાજેશ શર્મા ઉ.વ.૨૦, રહે. મારૂતીધામ સોસાયટી, ઘર નં. ૩, ભરવાડના ભાડાના મકાનમાં, આંબાતલાવડી પાસે, કતારગામ, સુરત મૂળગામ-ચોકઅયાવેજ, તા.પાલીતાણા, જી. ભાવનગરનાઓને પકડી પાડેલ. તેની પાસેથી સેમસંગ કંપનીનો ગોલ્ડન કલરનો એન્ડ્રોઇડ મોબાઇલ ફોન A-2 CORE- IMEI-NO-357348101871434 તથા IMEI-NO-357349101871432 નો કિંમત રૂપિયા-૬૦૦૦/- તથા બ્લ્યુ બ્લેક કલરનો VIVO કંપનીનો મોબાઇલ ફોન જેનો IMEI-NO-867408042115912 તથા IMEI-NO-867408042115904 નો હોય કિંમત રૂપિયા ૧૦,૦૦૦/-મળી કુલ રૂપિયા ૧૬,૦૦૦/- નો મુદ્દામાલ હસ્તગત કરેલ આ સબંધે લીંબાયત પોલીસ સ્ટેશનમાં ફસ્ટ ગુ.ર.નં.૨૦૬/૧૯ ઇ.પી.કો. કલમ-૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબનો ગુનો નોંધાયેલ હતો. આમ ક્રાઇમ બ્રાંચ દ્વારા વણશોધાયેલ ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલવાની કામગીરી કરેલ છે.